# મીઠા વગરનો રોટલો : માણવા-મમળાવવા જેવી વાર્તાઓ | બાબુ દાવલપુરા

[**મીઠા વગરનો રોટલો** : ભગીરથ બ્રહ્મભટ્ટ, પ્રકા. આર. આર. શેઠની કંપની, પ્ર.આ. ૨૦૦૨, ક્રાઉન પૃ. ૧૦+૧૪૩, રૂ. ૭૫]

અવારનવાર ‘કુમાર’, ‘નવનીત-સમર્પણ’, ‘ચાંદની’, ‘વિ’, ‘સરવાણી’, ‘કંકાવટી’ આદિ સામયિકોમાં પ્રગટ થયેલી ભગીરથ બ્રહ્મભટ્ટની કેટલીક વાર્તાઓ ‘મીઠા વગરનો રોટલો’ વાર્તાસંગ્રહમાં ગ્રંથસ્થ થઈ છે. પોતાના વાર્તાસર્જનના પ્રયોજન અને અભિગમ અંગે ‘નિવેદન’માં તેમણે કરેલી સ્પષ્ટતા આ વાર્તાઓને માણવા-પ્રમાણવામાં ઉપયોગી નીવડે તેવી છે : ‘મારી વાર્તાઓની ભોંય... ગામડાની છે. મારું પોતીકું સંવેદન ઘાટીલું કરવાનો મારો પ્રયત્ન રહ્યો છે; મથ્યો છું. અહીં શ્રોતા-વક્તા, વાચક-લેખક વચ્ચે સંપર્કસેતુ જળવાય એના તરફ મેં વધારે ધ્યાન આપ્યું છે. મારી વાર્તાઓ ભલે કોઈને કથનાત્મક લાગે, કોઈને વર્ણનાત્મક લાગે, ભલે રેખાચિત્રો તરફ ઢળી જતી જણાય, પણ મારે તો ગ્રામ્ય-પારિવારિક સંવેદનાઓ જે ઝડપથી અને જે રીતે લુપ્ત થવા માંડી છે એના તરફ નિર્દેશ કરવો છે. મારી વાર્તાઓમાં કશું આગંતુક નથી, કશુંક કૃતક નથી. જે અનુભવ્યું છે તે વર્ણવાયું છે.’ પ્રસ્તુત વાર્તાસંગ્રહની વાર્તાઓમાં આ પ્રયોજન કઈ પેરે, કેટલે અંશે સિદ્ધ થયું છે તે જરા વિગતે જોઈએ.

ગ્રામીણ પરિવેશમાં શ્વસતાં ‘મીઠા વગરનો રોટલો’ વાર્તાનાં ઉજમબા દુ:ખી એ વાતે છે કે સગા ભત્રીજાનાં લગ્નના મંગળ પ્રસંગે બાજુવાળા પાડોશીને ત્યાં કંકોતરી આવી, પણ પોતાને ઘરે ન આવી. આ ઘટના તેમની વેદના-સંવેદનાને ઉભારવામાં એક સ્પ્રિંગ-બૉર્ડની ગરજ સારે છે. પાડોશી રમાવહુ સાથેની વાતચીતથી ઉજમબાની કુલીનતા અંગેના રૂઢ ખ્યાલો, તેમના પતિનો આકરો સ્વભાવ, ફુઆનાં અણગમતાં વેણથી નારાજ ભત્રીજાએ કાપી નાખેલો ફોઈ-ફુઆ સાથેનો વહેવાર, કંકોતરીમાં છાપેલાં કુટુંબીઓનાં નામની યાદીમાં પોતાના બાળપણના સાથી ચંદુ ‘કાટ’ સાથેના મીઠા સંબંધની સ્મૃતિઓ અને વહાલસોયા ભાઈના અવસાન પછી ભાભી અને ભત્રીજા સાથેના સંબંધમાં આવેલી ઓટને ઉજમબાના હૈયાને પહોંચેલા મર્માઘાતના આલેખન માટે આવશ્યક એવી ભૂમિકા સહજતયા રચાય છે. આ અકથ્ય વેદના દુ:સહ હોવા છતાં, ઉજમબાના હૈયામાં ભત્રીજા માટેની હિતચિંતા અને અને શુભકામના જ પ્રગટે છે : ‘...શો કળજગ આયો સ ? મને ભૂલી જ્યા ? ભૈબંધ-દોસ્તાર કરતાંય ફૈ જ્યાં ? ...ફૈ ભારે પડ્યાં !!! ભૈ તારું હો ભવ હારું થજો.’ અલબત્ત, તેમની આંખે છલકાઈ રહેલાં ચોધાર પાણીમાં તેમની મનોવેદનાનો સ્પર્શ અનુભવાય છે. બીજે દિવસે સાંજે રસોઈ ટાણે દાળચોખા કાઢવા જતાં પવાલી પછડાઈ, ખીચડીમાં કરકર આવતાં ભાણેથી ઊઠી ગયેલા નાનજીકાકા માટે રોટલો ઘડવા બેઠાં. ત્યારે પિયરની કલ્પનાભોમમાં વિહરી રહેલાં ઉજમબા રોટલામાં મીઠું નાખવાનું જ ભૂલી ગયાં, એ ઘટનાઓમાં તેમની ભીતરમાં અમળાયા કરતી વેદના-વ્યગ્રતાનો સંકેત મળે છે. ‘રાંડ, તું ચાખી જો !’ – ડોસાનો રોષાવેશ ચરમ સીમાએ પહોંચી જાય છે અને ઉજમબા રોટલો ચાખી જુએ છે કે તરત તેમનાથી બોલાઈ જાય છે : ‘હાવ હાચી વાત છે, રોટલામાં મેંઠું જ નથી.’ ઉજમબાની સમતા-સ્વસ્થતાને ઉજાગર કરતા આ મર્મસભર ઉદ્‌ગારનું હાર્દ એ છે કે, સમયના વહેણ સાથે ઘસાઈ ગયેલા લોહીની સગાઈ ધરાવતા સ્વજન સાથેના સ્મૃતિશેષ સંબંધ અલૂણા રોટલા જેવા બેસ્વાદ બની જાય ત્યારે તેની વેદનાનું વજન જીરવવું દોહ્યલું થઈ પડે છે. સાહજિક ક્રમે બનતી આ ઘટના વસ્તુવિન્યાસમાં એ પ્રકારે સંયોજાઈ છે કે તેને પ્રતીકાત્મક મૂલ્ય પ્રાપ્ત થઈ શકે.

ઉજમબાની જેમ ગ્રામીણ સમાજનાં મનેખની અનાવિલ ભાવનામયતા-ભાવુકતાના રંગદર્શી અંશો ‘ચાકડો’ વાર્તાના કુંભાર મોહનકાકાના ચરિત્રમાં પણ ઓછા નથી. વાર્તાકથક ‘હું’ પ્રાથમિક શાળાના ‘નવા સાયેબ’ તરીકે નાનકડા ગામ ઇટલામાં જેમના આંગણે અજાણ્યા અતિથિરૂપે એક સ્વજનની રીતે આવકાર પામે છે એ મોહનભા એકચિત્તે ચાકડાની વચ્ચે લાકડી જેવું ભરાવીને એવો તો ચાકડો ફેરવે છે કે માસ્તર સાયેબને એમાં ‘બ્રહ્મા જ દેખાયા ! દીકરી પિંડા બનાવે, મા માટીની ગાર કરે... ડોસો ચાકડો ફેરવે... દીકરો ઘડાયેલું વાસણ તડકે લઈ જાય. લીમડાની શીતળ છાયા. ચોખ્ખું કંચન જેવું આંગણું. આંગણે તુલસીક્યારો...’ વાર્તાના પ્રારંભે જોવા મળતું મોહનભાના પારિવારિક જીવનનું આ દૃશ્ય આંખ ઠારે તેવું પરમ શાતાદાયક છે. માસ્તરે માટલીના પૈસા આપવા માંડ્યા તે વેળાએ મોહનભાએ ઉચ્ચારેલાં આ વેણમાં તેમની નિરામય જીવનદૃષ્ટિ અને નિરાળી જીવનસરણીની તાસીર ઊપસી આવે છે : ‘માસ્તર ! મું મોહન પરજાપત... આ ગૉમની બાંધણી થૈ તંદારેથી આજ હુધી કોઈનીયે પૉહેથી માટલીનો પઈસો લીધો નથ્ય – આખું ગૉમ મારું ઘરાક. વારતહેવારે દૉણા આલે.’ પણ સમય બદલાયો. દીકરી સાસરે સિધાવી. હાથલાકડી જેવો દીકરો વહુ સાથે હીરાઘસુના ધંધા નિમિત્તે શહેરમાં ચાલ્યો ગયો. ...શકરીમા સ્વધામ સંચર્યાં. ડોસાને હવે ‘આંસ્યે હૂઝ્યે નૈ. હાચું કૌ ? માસ્તર... ગૉમેય ગૉમ રયું નથી. હવે તો વહવાયાને કોઈ દૉણાય આલવામાં હમજે નૈ... કોડિયાં, માટલાં લોક મૂઉં લે નહિ, વીજળી આઈ જૈ... પોહાય નૈ... મેલી દીધું બધું... ગૉમમાં તું કોણ, મું કોણનો વૅવાર થૈ જ્યો... મૉથે દેવાનો ઢગ...’ આવી વસમી પરિસ્થિતિ સાવ હાથે પગે થઈ ગયેલા મોહનભાનો એક વાર અણધારી રીતે શહેરમાં સ્ટેશન પાસે ભેટો થઈ જતાં હાડકાંના માળા જેવા એ ડોસાની અવદશા જોઈ તેમનું હૈયું દ્રવી ઊઠ્યું. ડોસા રડી પડ્યા. એક કુલડી, એક માટલી, એક ગોદડી સાથે બેઠેલો એ ડોસો તમાશો જોવા એકઠા થયેલા ટોળાની નજરે ‘ગાંડો’ ભાસે છે. માસ્તરે પૂછ્યું : ‘કાકા... આ શું થૈ ગ્યું ?’ મોહનકાકાએ ઊંચે જોઈ ડાહ્યા માણસની જેમ વાળેલા આ પ્રત્યુત્તરમાં તેમની નરવી જીવનદૃષ્ટિ અને ચાકડાની અકળગતિનો મર્મ પમાય છે : ‘કૉય નૈ, માસ્તર ! મારો ચાકડો અવળો ફર્યો.’ ભાવના-ભાવુકતા અને જીવનની વરવી વાસ્તવિકતા વચ્ચે વિષમ સંયોગોમાં પણ સમતુલા સાચવી જાણતા મોહનભાના જીવનની તડકી-છાંયડીના ચિત્રણ અર્થે યોજાયેલ ચાકડાના પ્રતીકવિધાનમાં લેખકની કળાગત સૂઝસજ્જતાની પ્રતીતિ મળી રહે છે.

એક હમસકલ આદમીને પોતાના પૂર્વજીવનનો પ્રિયજન સમજી તેની સાથે અવૈધ દેહસુખ માણ્યા પછી માતા બનવાની કફોડી હાલતમાં ‘કન્યાશ્રય’માં આશરો પામેલી બેહિસ્તની પરી સમી યુવતીની ગેરસમજમૂલક જીવનકારુણી ‘કબીરો’વાર્તામાં મર્મવેધક રૂપમાં આલેખાઈ છે. પેલા જારકર્મી હરામખોરને રોષાવેશમાં ‘નફ્ફટ’, ‘નાલાયક’, ‘નીચ’ જેવા શબ્દોથી તુચ્છકારતા શાળાજીવનના સહાધ્યાયી કબીરાને એ કુંવારી માતા નત મસ્તકે વારે છે : ‘અપને આપકો ગાલી મત દો... વો હી ચેહરા, વો હી ચાલ, વો હી બદન... આપ હી તો થે ! ...મૈંને કોઈ ગલતી-

બલતી નહીં કી...' ત્યાંથી ભારે હૈયે પાછા ફરતી વેળાએ કબીરો દૂરનું એક દૃશ્ય જોઈ મતિમૂઢ બની જાય છે. આપ્તજનની દુહિતા આયેશા પેલા આદમીને હેતથી વીંટળાઈ ગઈ હતી ! તેનાથી સહસા બોલાઈ ગયું : '...વો હી ચેહરા, વો હી ચાલ, વો હી બદન !' વાર્તાના રહસ્યસ્ફોટ માટે ઘટનાવૈચિત્ર્યનો આધાર લેવાયો છે એ ખરું, પણ લેખકના ધ્યાનવર્તુળના કેન્દ્રમાં તો સતત બે નિર્દોષ પ્રેમી હૈયાંની જાણે આરંભાયા પછી અધૂરી જ રહી ગયેલી અંતવિહોણી વાર્તાની વ્યથા-કથા જ રહે છે.

શાળા કે કૉલેજમાં સાથે રમતાં-ભમતાં અને એક જ વર્ગમાં ભણતાં કિશોર-કિશોરીઓના વિફળ પ્રણયની સંવેદના 'કબીરો' ઉપરાંત સંદર્ભભેદે 'પ્રસાદ', 'વહેણ અને વહેરો', 'ગામમાં પિયર ને ગામમાં...', 'કુંવારી નદીનો મૂંઝારો' જેવી અન્ય વાર્તાઓમાં પણ સામાજિક વાસ્તવની પશ્ચાદ્‌ભૂ પર યથાર્તલક્ષી અભિગમપૂર્વક આકારિત થઈ છે. ત્રણ સાંધે ત્યાં તેર તૂટે જેવી પરિસ્થિતિમાં દરજીની દુકાનેથી જુદાં જુદાં કપડાંના ટુકડા લાવી ગાદલાંની ખોળો બનાવીને ઘરસંસાર નિભાવતી ગૃહિણીની સાંધા મેળવવાની મથામણ, વલ્લભવિદ્યાનગરના બસસ્ટૅન્ડે કૉલેજના છેલ્લા વર્ષની પરીક્ષા પછી લીમડાની છાયા નીચે પણ તાપ-પરિતાપથી ભીતરમાં પ્રજળી રહેલી અને સ્થિતપ્રજ્ઞ સમા સહાધ્યાયી પ્રિયપાત્રની નિર્લેપતા જોઈ વ્યગ્ર બની ઉઠેલી તરુણીની વિરહવેદનાની દાહકતા, અણગમતી પત્ની સાથે પડ્યું પાનું નિભાવી લેવા જેટલી બાંધછોડ ન કરી શકતા તેજસ્વી કિશોરની સુકાઈને પ્રતિપળે નિર્જીવ બની રહેલી પ્રાણશક્તિ અને સપ્તપદી સુધી પહોંચી ન શકે તેવા સંયોગોમાં સમાધાનશીલ વલણ દાખવીને અન્ય સાથે સુખેથી લગ્નસંસારમાં ગોઠવાઈ ગયેલા શાળાજીવનના સહાધ્યાયીની સ્મરણયાત્રાનું રૂપવિધાન 'સાંધો', 'લીમડાની છાયા નીચે તડકો', 'લીલા લીમડાની સૂકી ડાળ' અને 'ગુલાબવાડી ચૌટા વચ્ચે...' આદિ વાર્તાઓમાં પ્રતીકધર્મી કલ્પનોના સાર્થ વિનિયોગને કારણે વ્યંજનાત્મક બની શક્યું છે.

સાસુ, જેઠાણી અને જડભરત પતિની પરુષતા-નઠોરતા-નિર્દયતા મૂંગા મોંએ સહી લીને જીવતરને સમતા-સ્વસ્થતાપૂર્વક જોગવી જાણતી કામગરી ને કામણગારી ગ્રામનારી સવોતી – સ્વાતિ – ની કર્તવ્યનિષ્ઠા અને કુટુંબપરાયણતાનું સાંકેતિક ચિત્રણ 'સાંબેલું' વાર્તામાં સહૃદય ભાવકને સ્પર્શી જાય તેવું પ્રભાવક નીવડ્યું છે, એમાં પ્રથમ પુરુષ એકવચનના કથનકેન્દ્રની પસંદગીનો હિસ્સો નગણ્ય નથી. 'દાતણ અન દાબડી' વાર્તામાં બાળસહજ સ્વભાવ-મનોભાવને સાહજિક અભિવ્યક્તિ સાંપડી છે; તો 'આઠમી સપ્ટેમ્બર' વાર્તામાં પુત્રની વરસગાંઠ અને પિતાની પુણ્યતિથિની બે પરસ્પરવિરોધી આનંદ-ઉલ્લાસ અને વેદનાસૂચક ઘટનાઓને અડખે-પડખે મૂકીને સંનિધિકરમની પ્રયુક્તિ દ્વારા વિધવા માતાની મનોવ્યથાને ઉજાગર કરવાનો ઉપક્રમ લેખે લાગ્યો છે. પુત્ર-પુત્રવધૂની હાડછેડ અને કઠોર વર્તણૂક ન સહેવાતાં વૃદ્ધાશ્રમમાં સહારો પામેલા 'કાળિયાના બાપા'ને વિદેહ જૂની પત્નીની છબી જાણે યાદ કરાવે છે : 'આજે કાળિયાની વરસગાંઠ છે ને તમે અહીંયાં...?' આથી પુત્રને ઘેર જવા નીકળેલા ડોસા ભૂલભૂલમાં બીજી બસમાં બેસી જાય છે અને વાડજમાં પૂર્વજીવનની હૃદયપ્રિયા વિધવાને આંગણે આવી ઊભા રહે છે. યોગાનુયોગ એ જ વખતે એ ઘરમાંથી રૉફરુઆબભેર બહાર નીકળતા જુવાનને જોઈ ડોસાનું અંતર કકળી ઊઠે છે : તારું નખ્ખોદ જાય કાળિયા...' ઘરમાંથી પોતાનાં અસ્તવ્યસ્ત વસ્ત્રને સરખાં કરતી એક જુવાનજોધ છોકરી બહાર આવીને પૂછે છે : 'કોનું કામ હતું તમારે, કાકા ?' ડોસા માંડમાંડ સમતા સાચવીને ઉત્તર વાળે છે : 'કોઈનું કામ નહોતું બેટા ! આ તો જરા પગ ખોટો પડ્યો.' આ છેલ્લું વાક્ય વાર્તાના અંતને અતિરંજકતાથી ઉગારી લે છે. વાર્તાના શીર્ષક 'ઉઝેડો'માં ડોસાની રૂપનો વેપાર માંડી બેઠેલી કન્યકા પ્રત્યેની અનાવિલ વત્સલતા અને જારકર્મી બેટાની કામલીલાના મર્માઘાતે જન્મેલી વિવશતા-કરુણતા અંતર્નિહિત છે.

વિશેષ કરીને જાનપદી સમાજની નાનાવિધ સમસ્યાઓ, આર્થિક-વ્યાવસાયિક-પારિવારિક પરિસ્થિતિજન્ય સંબંધો-સંઘર્ષો અને તજ્જન્ય વિષમતાઓ વચ્ચે પણ સમતાપૂર્વક જીવ્યે જતા મનેખની વેદના-સંવેદનાઓના રૂપાયનમાં પ્રગટતી કર્તાની સર્જકતા અને કળાસૂઝ ધ્યાનપાત્ર છે. ઇન્દ્રિયવ્યત્યય દ્વારા મનોભાવને શબ્દસ્થ કરવાની તેમની ફાવટ પ્રશસ્ય છે : 'તેણીની આંખોએ સાશ્ચર્ય ચીસ પાડી... મને આંખોથી સમતોલ ઊંચકી લેતાં આનંદથી આવકારી રહી. પાંપણો દ્વારા જ વિસ્યમથી પૃચ્છા કરી રહી : 'ક્યાંથી ભૂલા પડ્યા ?'... 'જ્યાંથી ખોવાયા હતા ત્યાંથી.' ...'ક્યારના આવ્યા છો ?'... 'સમયનો ખ્યાલ નથી'. (પૃ.૭૪) 'કબીરો' વાર્તાનાં બે સ્વજનની અણધારી મુલાકાતપ્રસંગના સંવાદમાં પણ શબ્દફેરે આવી ઉક્તિઓ પ્રયોજાઈ છે : 'ક્યારે આવ્યા ?'... 'સમયનો ખ્યાલ નથી'... 'અત્યારે ક્યાંથી ?'... 'ખોવાયા હતા ત્યાંથી.' (પૃ.૨૦) અભિવ્યક્તિગત અસાવધતા આવાં અપવાદરૂપ સ્થાને ક્વચિત્ જોવા મળે છે. એકથી વધુ વાર્તાઓમાં શાળાનાં સહાધ્યાયી કિશોર-કિશોરીઓ વચ્ચે એકનું વ્યાકરણ સારું હોય તો બીજાનો નિબંધ મૌલિક હોય અને તે તેમની જોડીઓ જામે છે. એક જ પિતાનાં માનસસંતાનોનાં વાણી-વર્તન અને આંતર-બાહ્ય વ્યક્તિત્વમાં જરા ઝીણી આંખે જોનારને આ પ્રકારનું સગોત્ર સામ્ય આ પાત્રસૃષ્ટિમાં જોવા મળશે. વાનગી લેખે, 'કબીરો' અને 'ત્રિભેટે' વાર્તાઓની નાયિકાઓના કાને સોહતી 'કાનની મૂળ લંબાઈ કરતાં વધારે વ્યાસના ઘેરાવવાળી રિંગો' જોયા જ કરીએ તેવી ભાવસૂચક છે. (પૃ.૨૦, ૭૨) વર્ણન-કથનમાં થોડા જ શબ્દોમાં લીલયા એવ સહજતયા દૃશ્ય ઉપસાવવાની લાઘવયુક્ત ભાષાશૈલી જુઓ : 'સાસુ, સસરા, દિયર, નણંદ, દેરાણી, જેઠાણી, જેઠ વગેરેથી ખદબદતું ઘર. ચમકતા શરીરમાં તલના ટપકા જેવું પતિનું અસ્તિત્વ. બાબાનું પણ...' (પૃ.૭૫) અલૂણા રોટલાનો પણ એક આગવો સ્વાદ હોય છે... એની મઝા માણવા માટે પણ આ સંગ્રહની વાર્તાઓ મમળાવવા જેવી છે.

r